સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ખોસી આંગળાં મોઢે, મન માન્યાં ખાતાં ઓકાવે છે,
ને મૂકાવે માન પદનું સોનિયાને ચોંકાવે છે,
ઝૂકાવે ઘૂંટણે મનમોહનને પણ પવાર -
ચટાવે બોલ્યું, ને પોતાનો પણ પનો ટૂંકાવે છે
(પવાર ના ધમપછાડા)

આપણને તો -
કીડી મંકોડા પણ -
બનાવે મૂર્ખ!!
(સચોટ આગાહી..)

કરે પ્રહાર,
ગૅંડાની પીઠ પર
મોરપીંછથી..
(પ્રેમાળ બાપા)

ચિંતન

સિંહો વ્યાકરણસ્ય કર્તૃરહરત્પ્રાણા ત્રિયાન્યાણિને મીંમાસાકૃત મુન્નનાથ સહસા હસ્તી મુનિં જૈમિનિમ્ ।
છંદોજ્ઞાનવિધિં જઘાન મકરો વેલાતટે પિંગલં હ્રજ્ઞાનાવૃવ ચેતસામતિરૂપાં કોઅર્થ સ્તિસ્ત્રાં ગુણેઃ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્યનીતિ' નો આ શ્લોક - અજ્ઞાની, મૂર્ખ, જ લોકોને વિદ્વાન-ગુણીજન લોકોની ઓળખ કે કદર હોતી નથી એ સમજાવે છે :-

વ્યાકરણ શાસ્ત્રના કર્તા મહાન મુનિ પાણિનીના અમૂલ્ય પ્રાણ સિંહે હરી લીધા.

મીંમાસા શાસ્ત્રની રચના કરનારા મુનિશ્રી જૈમિનીને એકદમ જ હાથીએ ચગદી નાખ્યાં.

અને છંદશાસ્ત્રના જ્ઞાનના ભંડાર મહાન પિંગળ મુનિને નદી તટે મગરે ફાડી ખાધા હતા.

ખરેખર અજ્ઞાનથી ઘેરાયેલા ચિત્તવાળા અને અત્યંત ક્રોધી જલદ સ્વભાવવાળા અને આવાં જ પશુ યોનિમાં જન્મેલાં પ્રાણીઓને અને પશુ-પંખીઓને સદ્‌ગુણો અને વિદ્વતાથી શું સંબંધ? (અર્થાત જે લોકો અજ્ઞાની, જડ સ્વભાવના મૂર્ખ લોકો તેમને વિદ્વતા કે સદ્‌ગુણ શું કહેવાય એની કંઇ જ ખબર હોતી નથી) આવા ઘાતકી-ક્રૂર લોકો તો પોતાના સ્વાર્થ માટે કોઇના પણ પ્રાણ લેતાં અચકાતાં નથી.

આજકાલ પોતાના નજીવા સ્વાર્થ અને હિત માટે લોકો માતા-પિતા-ભાઇ-બહેનો-મિત્રોની પણ હત્યા કરતાં અચકાતાં નથી.

સુવિચાર

- શક્તિની સભાનતા નમ્રતા આપે છે - પોલરોઝાન
- મહાન વ્યક્તિઓની સફળતાનું રહસ્ય તેમની નમ્રતા છે - શારદામણિ દેવી
- બધાં જ સદ્‌ગુણોનું મૂળ નમ્રતા છે - લાઓત્સે ત્રૂંગ
- નમ્રતા પથ્થર હૃદયને પણ પીંગળાવી પાણી-પાણી કરી નાંખે છે - કોલ્ટન
- જો સાધક નમ્ર હોય તો સિધ્ધિ સરળ અને સુલભ બને છે- રામકૃષ્ણ પરમહંસ
- નમ્રતાની સાથે આત્મશ્લાઘાને બનતું નથી, અને આત્મનિંદા પણ ગમતી નથી - ડાગ હેમરશીલ્ડ
- નમ્રતા પામવા કોઇ મૂલ્ય ચૂકવવું પડતું નથી, પણ નમ્રતા દ્વારા ઘણું બધું ખરીદી શકાય છે - જે. કૃષ્ણમૂર્તિ

બોધ કથા

આપણા નેતાશ્રીઓ અને અધિકારીશ્રીઓનાં સંતાનને બે-નંબરી કરોડોની આવક હોય છે એટલે ઇશ્વરે એમને એવાં સંતાન આપ્યાં હોય છે કે, સંસ્કાર સાથે એમને સ્નાન-સૂતકનો પણ સંબંધ હોતો નથી અને બધી જાતની ફુટેવો-વ્યસનો તેમનામાં ઘર કરી ગયાં હોય છે.

પંડિત મદન મોહન માલવિયજી શિક્ષણ અને સેવાની અનેક પ્રવૃત્તિઓ કરતા હતા અને તેથી સંસ્થા ચલાવવા માટે અવારનવાર રાજ દરબાર અને ઉદ્યોગપતિઓ પાસે દાન મેળવવા જવાનું થતું. એકવાર એક ઉદ્યોગપતિને ઘરે માલવિયજી ગયા.

ઉદ્યોગપતિ સાથે સંસ્થા વિશે વાતચીત ચાલુ હતી ત્યાં ઉદ્યોગપતિનો પુત્ર બાક્સમાંથી એક એક દીવાસળી લઇ બાળ્યા કરતો હતો. વેપારી એક-બે દીવાસળી તો સહન કરી પણ પછી બાળકને તતડાવી ખાલી ખોટી દીવાસળી બાળવા ઠપકો આપ્યો. માલવિયજી આ જોતા રહ્યા, એમને મનમાં વિચાર્યું, આ શેઠ આવી ત્રણ-ચાર દીવાસળી માટે આટલો કકળાટ કરે છે એ હજારોનું દાન તો શું આપશે!! એટલે વાત આટોપી ઉભા થતાં હતા. શેઠે પૂછ્યું, પણ તમે કેમ આવ્યાં હતા? માલવિયજીએ દાન માટેની વાત કરી. શેઠે તરત જ રૂા. પચાસ હજારનો ચેક લખી આપ્યો.

ચેક આપતાં કહ્યું, પ્રત્યેક વસ્તુની કિંમત હોય છે. તેનો સાચો ઉપયોગ થવો જોઇએ, વેડફાય નહીં. શ્રીમંત હોઇએ તેથી શું? બાળકની ઘટનાનો શેઠે સંકેત આપી દીધો.

સદીઓથી એવું જ બનતું રહ્યું છે કે પ્રેમાળ માણસ નથી ઓળખાતા

વિચાર યાત્રા
- જય ઓઝા

સદીઓથી એવું જ બનતું રહ્યું છે,
કે પ્રેમાળ માણસ નથી ઓળખાતા...
સખી એને જોવા તું ચાહી રહી છે,
જે સપનું રહે છે હંમેશા અધુરૂં...
પ્રીતમનો પરિચય તું માગી રહી છે,
વિષય તારો સુંદર કુતૂહલ મધુરૂં
લે સાંભળ,
એ સામાન્ય એક આદમી છે
હૃદય એનું ભોળું જીવન એનું સાદુ,
ન ચહેરો રૂપાળો ન વસ્ત્રોમાં
ન આંખોમાં ઓજસ ન વાતોમાં જાદુ...
કવિતામાં પણ ખાસ નથી એ ઠસ્સો રસિયા.
એ મૂંગા જ મહેલિલમાં બસી રહે છે...
છે ચૂપકીદી એની સદંતર નિખાલસ,
નથી એની પાસે દલીલોની શક્તિ.
કદી પણ નથી કરતાં ચર્ચાનું સાહસ.
જુએ કોઇ એને તો હરગિઝ ન માને,
કે આ માનવીમાં મુહબ્બત ભરી છે.
કોઇના બુરામાં ન નિંદા કોઇની,
નસેનસમાં એની શરાફત ભરી છે...
જગતની ધમાલોથી એ પર રહે છે,
છે પોતાના રસ્તે જ સૂરજની માફક
સખી મારા પ્રિતમની છે એ જ ઓળખ,
છે સૌ સ્ત્રીઓ માટે જીવન એનું તારક
પરંતુ સખી આવી દુનિયાની અંદર
ભલા એવા માણસને કોણ ઓળખે છે...
સદીઓથી એવું જ બનતું રહ્યું છે...
કે પ્રેમાળ માણસ નથી ઓળખાતા

- મરીઝ

'જો દીખતા હૈ વહીં બીકતા હૈં' દુનિયામાં 'શોમેનશીપ' જરૂરી છે... દેખાડો જરૂરી છે... 'દિલ કો દેખો, ચહેરા ન દેખો,' વાળી વાતો હક્કીપીય સંસ્કૃતિની વિરાસત બની ગઇ છે...

મરીઝે આ ગઝલમાં બે સખીઓનો સંવાદ રજુ કર્યો છે, એકાદ વર્ષ પહેલાં આ નઝમ વાંચી ત્યારતી જ તમારી સાથે શેર કરવાની ચટપટી હતી...

ગઝલમાં તો બે બહેનપણીઓનાં સંવાદ દેખાય છે... એક સખી બીજીને પૂછતી હશે કે, તારો પ્રિયતમ કેવો છે? ત્યારે પહેલાં મૂંઝાતી પછી હૃદય ખોલીને પ્રિતમની ઓળખ આપવા માંડે છે...

વાત ફક્ત પ્રેમી - પ્રેમિકાની જ નથી... વાસ્તવમાં દુનિયામાં બધે જ આ નિયમ લાગુ પડે છે...

આપણી દરેકની અંદર પણ આવો પ્રેમાળ માણસ અકબંધ જીવતો હોય છે... જે હજી નથી ઓળખાયો... કદાચ એટલે જ પ્રત્યેક માણસને ક્યારેક ને ક્યારેક મનમાં તો એક ડંખ હોય જ છે કે, 'મને કોઇ ન સમજ્યું!' મને કેમ કોઇ ઓળખી ના શક્યું! જેવા છીએ તેવા સરળ અને નિખાલસ દુનિયા સામે આવ્યા ત્યારે ખતા ખાધી છે... એને એટલે જ શરીરમાં આ ઢાંચામાં રહેલાં સરળ, નિખાલસ નિર્દોષ વ્યક્તિને - "ઝિંદા દીવાર મેં ચુનવા દીયા."

સાદો-સીધો, સાધારણ દેખાવ, સીધો પહેરવેશ, મિતભાષી વ્યક્તિ કદી હીરો નથી બની શકતો... લોકો સરળતાને સરળતાથી પચાવી શકતા નથી, માણસોને જટિલતા પસંદ પડે છે... કશુંક અલગ જે ઝટ ન સમજાય તેવું જ વધુ પસંદ પમાડતા હોય છે...

સાદો-સીધો, સાધારણ દેખાવ, સીધો પહેરવેશ, મિતભાષી વ્યક્તિ કદી હીરો નથી બની શકતો... લોકો સરળતાને સરળતાથી પચાવી શકતા નથી, માણસોને જટિલતા પસંદ પડે છે... કશુંક અલગ જે ઝટ ન સમજાય તેવું જ વધુ પસંદ પમાડતા હોય છે...

આમોલ પાલેકરની ફિલ્મ 'છોટી સી બાત' વાંચકોને યાદ હશે, બાસુ ચેટર્જીની ક્લાસિક ફિલ્મ હતી... ફિલ્મમાં હીરો ઇન્ટરવલ સુધી હીરોઇનને પોતાના દિલની વાત કરી શકતો નથી... બસ સ્ટોપ પર રોજ તેનાથઇ પાંચ ફૂટ દૂર ઊભો રહે છે... બસમાં ચડીને પણ રોજ દૂરથી તેને જ જોયા કરે છે... આમોલ પાલેકર ખૂબ જ સાધારણ પહેરવેશ ધારણ કરીને, ખૂબ જ ઓછા બોલો યુવાન છે... કવિતાઓ, શેરો શાયરી વડે કોઇને રીઝવી દેવાની તેનામાં આવડત નથી... કે પછી ચાર જણ વચ્ચે મહેફીલમાં બધાની હાજરીમાં પોતાની આપવડાઇ ફેંકીને પાર્ટી હીરો બનવાની તેનામાં કુશળતા નથી... પણ એનો અર્થ એવો થોડો છે કે, તે પ્રેમ ન કરી શકે! વિદ્યા સિંહા (હીરોઇન) ને તે ખૂબ જ પ્રેમ કરે છે... પરંતુ તેની નિર્દોષતા, નિખાલસતા, મિતભાષી પણુ તેને છેલબટાઉપણું કરતાં રોકે છે...

ઇન્ટરવલ પછી અશોકકુમાર લવ ગુરૂ બનીને તેને છોકરીને ઇમ્પ્રેસ કરવાના સ્ટેપ શીખવે છે... જીવનમાં 'શો બિઝનેશ' કેટલો આવશ્યકત છે, તે સમજાવે છે... અને ફિલ્મના સેકન્ડ હાફમાં તે લવગુરૂએ શીખવેલા સ્ટેપ્સ પ્રમાણે વિદ્યાસિંહાને રીઝવે છે / પટાવે છે... અને હવે હીરોઇન પણ તેની તરફ આકર્ષાય છે... કેવી વિચિત્રા! પ્રેમ તો પહેલાં પણ કરતો હતો, પરંતુ તે ફક્ત જ્યુસ પ્યોર ફ્રૂટ જ્યુસ હતો... જ્યૂસમાં બિયર કે સોડા મેળવેલ "કોકટેલ" ન હતું; એટલે તેનો સાત્ત્વિક પ્રેમ વેદિયાપણામાં ખપતો હતો... દુનિયામાં બધે દંભની હાટડી જેટલી ધમધોકાર ચાલે છે, તેટલી બીજી એક પણ નહીં ચાલતી હોય...

આ તો એવું જ થયું કે, ગુલાબી લેટર પેડ ઉપર હૃદયની હાલતનો ચિતાર લખી મોકલવો તે હવે એક્સપાયરી ડેટ જેવું ગણાય છે... પરંતુ ફેસબુક પર જૂઠ્ઠી પ્રોફાઇલ બનાવીને 'ફોટોશોપ' માં એડિટ કરેલા ફોટા મૂકીને, ગુગલ પરથી સર્ચ કરેલી લાઇન્સ કોપી પેસ્ટ કરીને ઇન્ટરનેટ કનેકશન દ્વારા પ્રેમની અભિવ્યક્તિ કરાય તો એ રણવીર કપૂર અને પેલો બસ સ્ટેન્ડ પર રાહ જોતો મૂંગો પ્રેમી આમોલ પાલેકર.

ઘણીવાર આવા ઓછાબોલા શાંત અને નિખાલસ વ્યક્તિને મૂર્ખમાં ખપાવી દેવામાં આવે છે...

મહાભારતમાં નકુલ અને રામાયણમાં ઊર્મિલા (લક્ષ્મણની પત્ની) આ બે મહાકાવ્યોના મહાન પાત્રો પણ તેમની આ જ અણઆવડતના કારણે હાંસિયામાં ધકેલાઇ ગયા... નકુલ સિવાય બીજા બધા ભાઇઓને દ્રૌપદી સિવાય બીજી પત્નીઓ હતી...

રામાયણમાં સીતાનો ત્યાગ ખરો કે, શ્રીરામ સાથે વનવાસમાં ગયા... પરંતુ પતિનો સાથ તો મળ્યો... તેનો સહવાસ તો મળ્યો...! ઊર્મિલા તો વગર ફોગટની બિચારી ભરાઇ ગઇ... વનવાસ રામને થયો હતો... લક્ષ્મણે ભ્રાતૃધર્મ નિભાવ્યો પણ પતિધર્મનું શું?

જ્યારે સીતામાતાની જેમ ઊર્મિલાએ પણ વનમાં જવા જીદ કરી, ત્યારે લક્ષ્મણે એમ કહીને નન્નો ભણી દીધો કે, વનમાં ભાઇ-ભાભીનું ધ્યાન રાખું કે તારું!

'માગ્યા વિના તો મા પણ પીરસતી નથી' ઠાવકાપણું હોય, વાક્‌છટા હોય, તર્ક કરવાની શક્તિ હોય, તે વ્યક્તિને જલદી આગેવાની મળે છે, ઝટ ભૂલાતી નથી, ગેરહાજર હોય તો ખટકે છે... જ્યારે મિસ્ટર મૂંગાલાલ... ભરપૂર લાગણીઓ સાથે અબોલપણે કર્તવ્યપથ પર ચાલ્યે જતા હોય પરંતુ નજરમાં નથી આવતા...

નોકરીમાં પણ બોસની આગળ - પાછળે મસ્કાબાજી કરતા કામચોર વ્યક્તિનું પ્રમોશન ઝડપથી થાય છે, પરંતુ ૯ થી ૫ નિયમિત ટેબલ પરથી નોકરી દરમિયાન માથુ પણ ઊંચુ ન કરતાં નોકરિયાતનું સ્ટેટ્સ જલ્દી ઊંચું નથી આવતું.

આ શ્રાવણ મહિનો શરૂ થાય છે, ત્યારે ભોળા શંભુને એટલી જ પ્રાર્થના કે ફક્ત શ્રાવણ મહિનામાં જ રોજ સવારે પિતાંબર પહેરીને, ત્રિપુંડ લગાવીને, ૧૦૮ માટીના શિવલીંગ બનાવીને, તમારા બધા સંસ્કૃત સ્તોત્ર બલોતા, બિલ્વપત્રનો ઘા કરતાં શ્રાવણીયા ભક્તોની સાથે સાથે... ચૂપચાપ આખો દિવસ કામ કરતા કરતા "ઊઁ નમઃ શિવાય" ની માળા જપતાં સિમ્પલ ભક્તો ઉપર પર કૃપા દૃષ્ટિ રાખજો...

પ્રેમનો પરિપાક હરિયાળી છે, શીતળતા છે અને શાંતિ છે, પ્રેમમાં શક્યતા છે સદ્‌ભાવની - સમાનતાની અને સહચર્યતાની...!

શ્રુતિ બંધનમ્
- ડૉ. બ્રિજ

'લઇ શોધ મારી જયારે જગત નીકળ્યું હશે;
તારી ગલીમાં મારું પગેરૂં મળ્યું હશે.
સંબંધના પતંગિયાં સાથે ઊડે નહીં;
કૈં કેટલાય જન્મનું સપનું ફળ્યું હશે.
તારી જ ઓળખાણ હવે આપવી રહી;
મારા વિશે ઘણાંએ ઘણું સાંભળ્યું હશે.'

દિલેરબાબુની આ પંક્તિઓ શ્રી રામકૃષ્ણદેવ અને સ્વામી વિવેકાનંદજીના પરસ્પર સૌક્યને પ્રગટ કરવા પૂરતી લાગી. બંગાળના કામારપુર નામના ગામમાં સને ૧૮૩૬ થી ૧૮મી ફેબ્રુઆરીએએક નિરપેક્ષ આત્મા જન્મે છે. ઓગણીસમી સદીમાં આધ્યાત્મિકની અમર જયોત પેટાવનાર અજબ ઇન્સાન રામકૃષ્ણ.

ગુરૂ-શિષ્યની વિરલ ભૂમિકાઓ ભારતીય સંસ્કૃતિના પૃષ્ઠોમાં સચવાઇ છે. બે અલગ આત્માઓ કશાક આકર્ષણે અથવા તો દૈવબળે એકબીજાને મળે છે. પરસ્પરની ચાહના વધે છે અને એક વંદનીય સંબધ આકાર પામે છે. ગુરૂ પૂર્ણિમા જેવા પવિત્ર દિવસોએ રામકૃષ્ણ અને નરેન્દ્રની અલૌકિક મૈત્રીનીવાત યાદ કરવી રહી. સતયુગથી આજ લગી આવી પરસ્પર એકાત્મતા જોવા મળી નથી... એવા દૈવી સંબધે જોડાયેલા રામકૃષ્ણ અને નરેન્દ્ર. ગુરૂ શિષ્યની અનેરી અદ્વૈત પરંપરા અહીં સર્જાઇ. ઇશ્વરીય સંબંધનું આવું અદ્‌ભૂત મિલન આપણા ભારતીય તરીકેનાં ગૌરવની વાત છે. હિન્દુ ધર્મ - આપણી પ્રાચીન સંસ્કૃતિનો બહોળો પ્રચાર આ યુગપુરૂષો થકી થયો છે. પ્રકૃતિ તેની ઉણપ આપબળે ભરી લે છે એવું જ આ યુગપુરૂષના અવતરણ બાબતે કહી શકાય...!

પૂર્વ અને પશ્ચિમના દેશોની વૈચારિક ભિન્નતા, ભિન્ન ભાવનાશીલતા, પૂર્વનું કાર્યક્ષેત્ર આધ્યાત્મિક અને પશ્ચિમનું ભૌતિક. પૂર્વના ઋષિ-મુનિઓએ આત્માનાં રહસ્યોની શોધમાં જીવન વહાવ્યાં જયારે પશ્ચિમના જ્ઞાનવીરો ભૌતિક નિયમોની શોધ આદરે છે. માનવજાતની પ્રગતિમાં આ બંને આદર્શો જરૂરી છે. આધ્યાત્મ અને વિજ્ઞાન પરસ્પરના સહકારમાં વિકસે તો ભાવિ કલ્યાણ માર્ગ રચાઇ શકે. તેમ છતાં આધ્યાત્મિકતા ઓસરતી ચાલી અને જડવાદી વિચારોનું જોર વધ્યું. ભારત પણ તે પ્રવાહમાં ખેંચાઇ રહ્યું હતું. પ્રેમ અને સહિષ્ણુતા પ્રગટે અને વિશ્વશાંતિ માટે કોઇ વિચારપુરૂષ ખડો થાય તેવી જ પરિસ્થિતિ નિર્માણ થઇ હતી. આ માહોલમાં જ બુધ્ધની કરૂણા, ઇશુનો પ્રેમ અને શંકરાચાર્યની પ્રખર બુધ્ધિનો સંયોગ થયો અને સાચો ધર્મ જીવી બતાવવા રામકૃષ્ણ અવતરે છે.

શ્રી રામકૃષ્ણદેવનું બાળપણનું નામ ગદાધર. સાદા ગ્રામજીવનમાં - ધર્મ ભાવનાવાળા સંતજન માતા-પિતાની સોડમાં શ્રી રામકૃષ્ણનું જીવન વહેતું ચાલે છે. બચપણથી ભણવાની પરોજણને ન સ્વીકારતાં શ્રી રામકૃષ્ણને ઇશ્વરના સાક્ષાત્કારમાં રસ છે. જીવન નિર્વાહના શિક્ષણથી પર જીવન ઉધ્ધારક અંતઃકરણને અજવાળે તેવી દિશાએ તેઓ સહજ વરી ગયા હતા. આ અરસામાં ખૂબ સંપત્તિ-પ્રતિષ્ઠા ધરાવતી રાણી રાસમણિ દેવી નામના હિંદુબાઇએ કલકત્તાની ઉત્તરે ગંગા નદીના કિનારે દક્ષિણેશ્વરમાં એક કાલી મંદિર બંધાવ્યું. રાણીના જમાઇ મથુરા નાથ તેમની જાગીરના મેનેજર હતા. આ મંદિરના પૂજારી તરીકે રામકુમાર (રામકૃષ્ણના મોટાભાઇ) ને આમંત્રણ અપાયું. તેમની સાથે રામકૃષ્ણ પણ દક્ષિણેશ્વર રહેવા લાગે છે. પવિત્ર ગંગાનો કિનારો, મંદિરની અપૂર્વ શાંતિ અને વિશેષ જગત્માતા કાલીનું સાંનિધ્ય...! અહીં રામકૃષ્ણદેવીની સગળી મનોકામનાઓ પૂર્ણ થાય તેવું વાતાવરણ હતું.

ભક્તિ અને ધ્યાન. કાલી પ્રત્યેની અપ્રતિમ શ્રધ્ધા. સંસારના વિષયો પ્રત્યેની ઉદાસીનતા અને જગતના સાક્ષી ભાવે તેઓ જીવવા લાગ્યા. સ્ત્રી માત્રને તેઓ જગદંબા સ્વરૂપે જોવા લાગ્યા. સમાધિ અવસ્થાએ તેમને અનોખું પાવિત્ર્ય અને આત્મસંયમની પરિપાટીએ લાવી મૂક્યા. જગતના સૌ જીવો પ્રત્યેની સમાનદૃષ્ટિ તેમનામાં સ્થપાવા લાગી. એ અરસામાં પ્રખર વેદાંતી સંન્યાસી તોતાપુરી દક્ષિણેશ્વરમાં આવ્યાં હતા. શ્રી રામકૃષ્ણની ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થા જોઇ એમણે પૂછ્યું. "અદ્વૈત જ્ઞાનનું રહસ્ય મર્યાદા છે, વાસ્તવિકતા છે, યુગોની પીડા છે. તેમ છતાં પ્રીતની ઓછપ નથી, મિલનની આશામાં તૃપ્તિ નથી. આ બંને કુદરતી તત્વોએ સૃષ્ટિમાં તેમના પ્રેમનાં જ પુષ્પો પાથર્યા છે. તેમની મધ્યે જ રચાઇ છે, સજીવલીલા - જીવનલીલા - પ્રેમલીલા."

ધરતી અને આકાશના અમર પ્રેમતત્ત્વને સાક્ષીભાવે આપણી નજરમાં સ્થાપીએ. આ એ જ પ્રેમ છે. જે સૃષ્ટિમાં તડપ અને તુષ્ટિ રચે છે. સુલેહ-શાંતિ પ્રસરાવે છે. રંગોનું સૌંદર્ય રચે છે. માનવીની આંખમાં સપનાં આંજે છે. ક્યાંક તેના હૃદયમાં અમૂલખ પ્રેમની સરવાણી ભરે છે. અહીં હરિયાળું રચાય છે. પ્રકૃતિની સુંદરતા મહોરે છે. નદી - સરોવર અને સમુદ્રોની આભા પ્રગટે છે. કેટલાય - બદલાવ - પરિવર્તનો બધું જ ધરતી અને નભના પ્રેમને જ આભારી છે. મુશળધાર વરસતા વરસાદની ધારાએ ધારાએ ધરતી કાજેનો પ્રેમ વરસે છે. અને એ પહેલાં વરસાદની ખુશબો ધરતી અને નભના મિલનનો પ્રસાદ છે. અષાઢે શરૂઆત પામતું ચોમાસું કુદરતના ઉત્સવની શરૂઆત છે. ત્રસ્ત થયેલી ધરતી વ્યાકુળ થયેલું સજીવલોક આ ઉત્સવથી મંગલમાં પ્રવેશ કરે છે. ધરતીનાં છોડુંના ધાન ખૂટ્યાં જાણીને પ્રભુ કૃપા રૂપે વરસે છે. અને તેનાં નિમિત્ત બને છે. આકાશ અને ધરતી. ધરાતલ ઉપર હવે નવલું સર્જાશે. ચારેકોર નાવિન્ય - ઉત્સાહ અને આનંદ છવાશે...! ભાતીગર જીવડાંએ તાનમાં આવશે. શીતલતાનો પથરાવ હવે થવાનો એવા કૈંક અહેસાસ કરાવે છે ધરતી અને આકાશ.

(અનુસંધાન પાના નં. ૬ પર)

આજના દિવસનો મહિમા
- ભાનુપ્રસાદ એસ. દવે

૨૪મી જુલાઇ

- ગુજરાતના અનાથોને ૫૭ વરસ સુધી સેવા આપનારા ડો. જોર્જ વિલ્સનનો જન્મ ૧૮૭૭. ઉપદેશ-મિશન કાર્ય માટે આવેલાં 'વિલા કાકા' એ ભારતીય લોકજીવનને મોટું દફ્તર બનાવ્યું.
- ભીખાજી કામાનો મુંબઇ

ખાતે જન્મ - ૧૮૬૧.

- ૧૯૫૦માં પાકિસ્તાનના વડાપ્રધાન લિયાકત અલીખાન અને જવાહરલાલ નહેરૂ વચ્ચે દિલ્હીમાં બેઠક યોજાઇ.

મા સરસ્વતીએ તેમની વીણા, પુસ્તક બાજુમાં મૂકી ચારેય હાથ જેમના પર મૂક્યા હોય, પછી જોઇએ શું?

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

થવું હતું ઇજનેર. પણ હું જૂની મેટ્રિકમાં ઉચ્ચ ગણિતમાં ચઢાવો પાસ થયો હતો. જીવ સાહિત્યનો, માંડ માંડ વડિયા કૉલેજના પ્રથમ વર્ષ વિનિયનમાં પ્રવેશ મળ્યો. વિદ્યાર્થીઓને ટ્યૂશન આપીને, કલા-સંસ્કૃતિના કાર્યક્રમમાંથી, ડાયરાના બોર્ડ બનાવીને, થોડું ઘણું કમાઇ ખિસ્સા ખર્ચ કાઢી લેતો હતો. સંસ્કૃત વિષયના પ્રાધ્યાપક જનાર્દનભાઇને મારા પ્રત્યે ઘણું વહાલ. એકવાર તેઓએ મને પોતાના ઘેર બોલાવ્યો. તેમના ઘરનું નામ 'રાજભવન.' ખરેખર રાજા જેવા પ્રાધ્યાપકનું 'રાજભવન' તો 'રાજભવન' જ. હજારવારના પ્લોટ્સની વચ્ચે મકાન અને ફરતે આસોપાલવ, ચીકું, લીંબુ, જમરૂખ, બદામ, પપૈયો, કેળાના વૃક્ષો. જેટલા ફળ ખાવા હોય તેટલા ખાવ. રંગોથી ભર્યો ભર્યો ફૂલોની નજાકત તો ઓરજ જોવા મળતી હતી.

બગીચામાં હીંચકો હતો. જનાર્દનભાઇ અને ગુરુમાતા ઇન્દિરાબેન હીંચકતા હતા. મને પાસે બેસાડી બહુ ભાવથી બંનેએ કહ્યું હતું : 'જો ભાઇ, તારે અમારા બાળકોને ભણાવવા આવવું. એટલે બાળકોને, અમને અને તેનેય ગમશે. તારામાં ઘણી શક્તિ છે, આવડત છે.' ગુરૂ અને ગુરૂમાતાની આજ્ઞાને મેં માથે ચઢાવી અને આજે ત્રીસ વર્ષ પછી પણ ગુરૂના આશિષ મળી રહ્યા છે. હું જનાર્દનભાઇના માતુશ્રીના સ્નેહને ભૂલ્યો નથી. મને વારંવાર થાય છે કે, આટલો બધો સ્નેહ? આ કોની કૃપા? કેવી કૃપા? એ કંઇ સમજી શકતો નથી. નિબંધ સ્પર્ધા હોય કે રામાયણ પ્રશ્નોત્રી કે પછી સંસ્કૃત શ્લોકગાન સ્પર્ધામાં ગુરૂનું માર્ગદર્શન હોય જ. ઇન્દિરાબહેનનું વાત્સલ્ય અને હકારાત્મક વલણ આજે પણ ઉર્જા પૂરે છે.

એક પ્રસંગ તાજો થાય છે. કૉલેજમાં મેં સભા સંચાલન કર્યું હતું. ગુરૂએ શિખામણ આપી હતી. ગુરૂમાતાએ તરત જ દરમિયાનગીરી કરીને કહ્યું હતું કે, 'આપણી માન્યતાઓ નવી પેઢીમાં ન ચાલે. તેઓ તો પોતાની બુધ્ધિમતા પર ચાલે.' તેઓનું જીવન પતિ કેન્દ્રીત તો હતું જ. પણ પોતાના પુત્રો અને પુત્રવધૂઓ સાથે વાત્સલ્યથી ભર્યું ભર્યું જીવ્યા છે. મુક્તાલક્ષી કન્યા વિદ્યાલયમાં રચનાત્મક શિક્ષણવિદ્ સમાજસેવી શિક્ષિકાનું પદ શોભાવ્યું હતું. તેઓની ચાલીસ વર્ષ સુધીની સંસ્કાર, ધર્મ, શિક્ષણ સુવાસ આજેય મહેંકી રહી છે. તેઓ હંમેશાં કહેતાં હતા કે, 'ધર્મનું સારત્વ સાંભળો સાંભળીને આચરણમાં મૂકો. પોતાને પ્રતિકૂળ જણાય તેવું કોઇ સાથે ન વર્તવું. ઝંઝાવાતના સમયમાં પણ જીવન નૈયા ડગાવી ન જોઇએ.'

શ્રી જનાર્દનભાઇને ૧૯૮૫ માં દ્વારકાપીઠનાં શંકરાચાર્ય અભિનય સચ્ચિદાનંદ તીર્થે ભાગવત્ ભૂષણથી અલંકૃત કર્યા હતા. મોરબી હોનારત વખતે ૧૯૭૯ માં દ્વારકાધીશના મંદિરેથી આકાશવાણીના માધ્યમથી આંખે દેખ્યો અહેવાલ રજૂ કર્યો હતો. તેમની પ્રેરક વાત તેમા શબ્દોનાં ઉતારીએ તો, 'વધતી જતી વયના પ્રમાણે ઘણાં કામ ઓછાં કરવા જોઇએ. પણ પાકેલી ટેવો અગ્નિશૈયા ભેગી જ થાય છે. સ્વપ્રતિમાને ઉટકી - ઉટકીને અજવાળી અભરાઇ ઉપર મૂકવામાં મને ઘણો ક્ષોભ થાય છે. જૂનું એટલે વધુ સારું થોડું કહેવાય? અને નવી રચનાઓ બોલાય, સંભળાય, વંચાય નહિ એ ક્યાંકનો ન્યાય?' ભગવાનના માનવ જાતિને ઘણાં વરદાન માગ્યા વિનાનાં છે.

સંસ્કાર કુંભોના પ્રજાપતિ : જનાર્દન દવે



(૧) હાસ્ય (૨) વિવેકયુક્ત પસંદગી (૩) ધ્યેય નિષ્ઠા.

આ બધાં તો ખરાં જ. પણ સંપત્તિ, સંગતિ અને સંસ્કૃતિ. આ પાંચમાંથી સન્મતિ શ્રેષ્ઠ વરદાનરૂપ હોય છે. જો મળી જાય તો સંતતીમાં પણ જોવા મળે.

શ્રેષ્ઠ નાગરિકોનું સન્માન પ્રાપ્ત. તેઓના અગણિત સંશોધન પત્રો, વ્યાખ્યાનો, સંસ્કૃત વિષયના અને અધ્યાપના ગ્રંથોના લેખન - પ્રકાશનો થયા છે. અનેક ભાગવત કથાઓ રજૂ કરી તેઓએ ભાવકોને અધ્યાત્મ દર્શન કરાવ્યું છે. વર્તમાન પત્રોમાં અધ્યાત્મ કટારનુંપ્રકાશન આકાશવાણી દૂરદર્શન પરથી અવારનવાર એમની જ્ઞાનવાણીનો લાભ મળતો રહ્યો છે.

તેઓ કહે છે કે, 'પત્ની પ્રસન્ન દાંપત્યના અનેક મીઠાં સ્મરણો છોડી ઊડી ગઇ. પછી બે પુત્રો, બંને સુખી, ગાડી-બંગલાવાળા. એક વસ્ત્રાપુરમાં રહે. બીજો ઘોડાસરમાં. પપ્પા, અહીં આવી જાઓ. એકલા કેમ રહેવાશે?'

'અરે બેટા, અમે તો પાનખરનાં ડાળીએથી ઉંમર, જ્ઞાન અને ભક્તિના તપે પાકાં પીળાં બનેલા, હરિ વાયુએ ડાળીથી ખેરવી દીધા. હવે, હરિવાયુ ભાવનગરના ઘેર રાખે તો ત્યાં અને વસ્ત્રાપુરમાં હરિ આ પાંદડાને લાવે તો, મોટા તારે ત્યાં. હરિ ઘોડાસર નાનાને ત્યાં આ પાકું, ખરેલું પાંદડું ઉડીને જાય અને કોક'દિ હરિ મારો પ્રાણ, મારો વાયુ આ પાંદડાને ઉપર અધ્ધર લઇ જાય તો ત્યાં મારે વળી પોતાની શી ઇચ્છા? હરિના ભરોસે આળસ, પણ જીવ્યા, હવે ય હરિ રાખે તેમ રહેવું. તમે એટલી જ પ્રાર્થના કરો કે, હું હરિવિમુખ ન થાઉં.'

સાંદિપનિ વિદ્યા નિકેતનમાં પૂ. ભાઇજી અને પૂર્વ ગર્વનરશ્રીના વરદ્ હસ્તે ૧ ફેબ્રુ. ૨૦૦૯ માં ત્રણ ગૌરવ એવોર્ડમાંથી 'બ્રહ્મર્ષિ' પ્રદાન પછી અમારા ગુરૂએ કહેલું, 'આજે હું એવોર્ડ લેવા નથી આવ્યો. વલભી વિદ્યાપીઠ (વલભીપુર જન્મભૂમિ) સાંદિપનિ વિદ્યાપીઠને મળવા, નમવા આવી છે. આ એવોર્ડ લઇ તો લીધો. પણ ભાવેણાના પ્રજાવત્સલ મહારાજ કૃષ્ણકુમાર, દીવાન સાહેબો, ગગા ઓઝા, પટ્ટણી સાહેબ, ગિજુભાઇ, નાનાભાઇ ભટ્ટ, હરભાઇ ત્રિવેદી, માનભાઇ, પ્રો. રવિશંકર જોષી, મુકુંદભાઇ પારાશર્ય અને યશવંતભાઇ પુરોહિત, રસિકભાઇ અંધારિયા જેવા ભાવનગર